# બાળકનાં ઘડતરનું મૂળ





**શારદામંદિરના સંસ્થાન**
**(ધોરણ ૧૨ સુધી)**

**ગુજરાતી માધ્યમ :**

શારદામંદિર બાલમંદિર
શારદામંદિર શિશુમંદિર
શારદામંદિર વિનયમંદિર

**English Medium :**

Modern School
Modern High School

**બાલદેવોનું આગમન...**

હે પરમદેવ... બાલદેવના હૈયામાં ઉતરી તેમના જીવનને સાચી રીતે સમજવાની શક્તિ આપો કે જેથી અમે તેને સમજી શકીએ, ચાહી શકીએ, તેમની સેવા કરી શકીએ.

— મેડમ મોન્ટેસરી

## શારદામંદિર

નવા શારદા મંદિર રોડ,અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
079-26600242
shardamandir1924@gmail.com
www.sharadamandir.com

સ્થાપના : ૧૯૨૪

## શારદામંદિર બાલમંદિર

જલારામ મંદિર - રેલવે ક્રોસિંગની બાજુમાં, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.



## જીવન ઘડતરનું પ્રથમ પગથિયું

બાળક સમજશક્તિને કેળવી, શાળામાં આવતું થાય એ માટે પ્રવેશની ઉંમર ૩ વર્ષ હોવી જોઈએ. બાલમંદિર એ બાળક માટે જીવન ઘડતરનું પ્રથમ પગથિયું છે. માનો વ્હાલસોયો ખોળો છોડીને આવતા બાળકને મા જેવી જ મીઠી માવજત મળે અને યોગ્ય દેખરેખ થાય એવો શિક્ષકગણ કે જે માની ગરજ સારે, જે અમારા બાલમંદિરમાં છે.

## વિશાળ ક્રિડાંગણ

વિશાળ ક્રિડાંગણમાં મુક્ત રીતે બાળક વિહરી શકે અને મનગમતા અવનવા સાધનો પર રમી ખુશ થઈ જાય એવી રંગબેરંગી સાધનોથી ભરપૂર ક્રિડાંગણ બાળકને આકર્ષે છે. અનુભવી શિક્ષકગણ દ્વારા મોન્ટેસોરી પદ્ધતિથી ભાષા તેમજ ગણિતનું જ્ઞાન અપાય છે. રમતા રમતા બાળક ભણતા શીખી જાય છે. બાળકોને અવારનવાર જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવાય છે. જ્યાં બાળક પોતાના ઘરેથી દૂર એક નવું વાતાવરણ મેળવે છે. બાળકો પૌષ્ટિક ખોરાક લે એ રીતે માવજત લઈ ગરમ નાસ્તો પીરસાય એવી સુંદર વ્યવસ્થા કરેલ છે. જ્યાં બાળક અવનવા નાસ્તા આરોગે છે.



## ધાર્મિક અને સામાજીક સંસ્કૃતિનું ઘડતર



ધાર્મિક અને સામાજીક સંસ્કૃતિનું ઘડતર થાય એ માટે વર્ષ દરમ્યાન આવતા દરેક તહેવારોની ઉજવણી ખૂબ ઉલ્લાસભેર કરવામાં આવે છે. જેમાં બાળકોને આ પ્રવૃત્તિમાં ઓતપ્રોત કરવામાં આવે છે.





અમારા બાલમંદિરમાં બાળક પ્રથમસ્થાને છે એને યોગ્ય માવજત મળે અને સુંદર જીવનઘડતર થાય એવું આયોજન છે. સારા અક્ષર, સુંદર જીવનઘડતરની નિશાની છે એ વાત મજાવી માતૃભાષાનું મરોડદાર અક્ષરોમાં લેખન કરાવાય છે. આમ બાળકનો સર્વાંગી વિકાસ થાય એ અમારું લક્ષ્ય છે.

સમયની સાથે કદમ મિલાવવા English ભાષાની કેળવણી પણ જરૂરી બને છે. જેને લીધે ગુજરાતી અને English બંને ભાષાનું જ્ઞાન મળી રહે એ માટે ગુજરાતી અને English બંને માધ્યમ ચલાવાય છે.

## ભણતર સાથે ઘડતર

- પ્રવેશ માટેની યોગ્યતા બાળકની ઉંમર : ૩ વર્ષ
- વિશાળ ક્રિડાંગણ તથા ભૌતિક સુવિધાઓ
- રમતગમતના સાધનો
- મોન્ટેસોરી પદ્ધતિથી શિક્ષણ
- ગુજરાતી અને English બંને માધ્યમો
- શાળામાં જ તૈયાર કરેલ પૌષ્ટિક નાસ્તો
- અનુભવી શિક્ષકગણ
- દરેક બાળકની વ્યક્તિગત દેખરેખ
- ભારતીય સંસ્કૃતિના તહેવારોની ઉજવણી
- શૈક્ષણિક તેમજ જોવાલાયક સ્થળોની મુલાકાત
- શાળાનો સમય ૮.૩૦ થી ૧૨.૧૦